# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

===========================================================================

અખબારી યાદી તા. ૦૧-૦૨-૨૦૨૨

કેન્દ્રીય બજેટ ઉપર પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવાએ જણાવ્યું હતું કે, ગરીબનું ખિસ્સુ ખાલી, નોકરીયાતનું ખિસ્સુ ખાલી, મધ્યમવર્ગનું ખિસ્સું ખાલી, ખેડૂતોનું ખિસ્સું ખાલી, યુવાનોની આશા તૂટી સહિત આર્થિક ડામાડોળ પરિસ્થિતિ કેન્દ્ર સરકારના બજેટની ઉપલબ્ધી છે. **મોંઘવારીમાં સતત વધારો, જનતા બેહાલ, સરકાર માલામાલ શું આ છે અચ્છે દિન ?** અગાઉ વર્ષ ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૨૦૧૮ ચાર વર્ષમાં 'રૂબર્ન'ની વાતો કરનાર સંપૂર્ણ ઉલ્ટુ **૨૦૨૨નું બજેટ જેમાં શહેરોનું ભારત વધારી ગામડાઓ નાબૂદ કરવાની યોજના જાહેર** કરી છે. **ખેડૂતોની આવક બમણી કરવાનો વાયદો હકીકત શું થયું ?** ખેડૂતોની આવક અડધી, ખર્ચ બમણો, ખેડૂતો થયા દેવાદાર તે માટે કેન્દ્ર સરકારની નીતિ જવાબદાર છે. દર વર્ષે બે કરોડ રોજગાર હકીકત શું ? **સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્કીલ ઈન્ડિયા, સ્ટેન્ડઅપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા શબ્દો થઈ ગયા ગાયબ. નવા શબ્દો, નવા સુત્રો અને આંકડાની માયાજાળ કેન્દ્રીય બજેટની વધુ એક વિશિષ્ટતા** જોવા મળે છે. બજેટને એક લીટીમાં કહીએ તો **"ન નીતિ, ન નિયત, ન નક્કર આયોજન, માત્ર આંકડાઓની માયાજાળ અને જનતા સાથે છેતરપીંડી"** આ છે મોદી સરકારની દેશની જનતાને ભેટ.

ભારત સરકારનું દેવામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. માર્ચ - ૨૦૨૨માં રાષ્ટ્રીય દેવામાં ૧૦૦ ટકા જેટલો અધધ વધારો થઈને **એકસો છત્રીસ લાખ કરોડનો આંકડો આંબી ગયું છે. જે ઘણી ચિંતાજનક બાબત** છે. મોંઘવારી ૨.૩ ટકાથી વધીને ૧૪.૯ ટકા થઈ, સરકારની આવકમાં ૬૪.૯ ટકા વધારો અને ભારતના ૮૪ ટકા સામાન્ય પરિવારોની આવક ઘટી છે. **કૃષિ કાયદા પાછલા બારણેથી બજેટ માર્ગે દાખલ કરવા ફરી કેન્દ્ર - મોદી સરકારની જાહેરાત એ દેશના ખેડૂતો સાથેની વધુ એક મોટી છેતરપીંડી પી.પી.પી.ના નામે બજેટમાં જોવા મળી** રહી છે.

મધ્યમ વર્ગ, પગાર ધારકોને કોઈ રાહત નહિ મનરેગામાં કોઈ વધારો નહિ - ૯૮૦૦૦ કરોડ થી ઘટાડીને ૭૩૦૦૦ કરોડ, બેલગામ મોંઘવારી, મોંઘવારી ઘટાડવા કોઈ જાહેરાત નહિ. **ગરીબી / ભૂખમરામાં વધારો, તેની સામેની લડત માટે કોઈ નિતિ નહી. સતત અર્થવ્યવસ્થા પડી ભાંગી** રહી છે, રૂપિયાનું સતત અવમૂલ્યન થઈ રહ્યું છે. મંદી - મોંઘવારી - મહામારી સામે સરકારની કોઈ નક્કર જાહેરાતનો બજેટમાં અભાવ જોવા મળે. **ખેડૂતોના ખાદ્ય પર સબસીડીમાં ઘટાડો, ફૂડ સબસીડી ઘટાડો કરવામાં આવ્યો છે. ખેડૂત, ખેતી અને ગ્રામ્ય વિરોધી ભાજપા સરકારની નિતિ** સમગ્ર બજેટમાં ફરી એક વખત સ્પષ્ટ જોવા મળી રહી છે.

ગુજરાતમાં સ્થાપિત મુખ્યતઃ કાપડ તથા જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગ સૌથી મોટા પાયે રોજગાર આપનાર છે. રોજગારની કોઈ વાત નથી, ટેક્ષટાઈલની કોઈ ઉલ્લેખ જ નથી. સેલરી કલાસ એવરેજ ૭૬,૦૦૦ રૂ. ટેક્ષ પણ, સરકાર તરફથી ટેક્ષમાં કોઈ રાહત નહિ. પણ મંદી, મોંઘવારી અને મહામારીમાં સપડાયેલા દેશના સામાન્ય કરોડો નાગરિકોને નવી તકો, નવી રાહતો આપવાનું તો દુર પણ તેઓની રોજગારી પુનઃ સ્થાપિત થાય તે માટે પણ કોઈ નક્કર નીતિ બજેટમાં જોવા મળતી નથી. **સરકારની ગુન્હાહિત બેદરકારીના કારણે કોરોનામાં લાખો નાગરિકો મોતને ભેટ્યા. કોરોનામાં ભોગ બનેલા પરિવારોને કોઈ રાહત આપવા માટે બજેટમાં એક પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.** નોટબંદી તથા અણઘડ જી.એસ.ટી. વ્યવસ્થાના કારણે નાના ઉદ્યોગો ખાસ કરીને ગુજરાતની ઓળખ સમાન સીરામીક, બ્રાસપાર્ટ, મોટરપાર્ટસ, મોટરકાર, કેમીકલ તથા ટેક્ષટાઈલ, ગૃહઉદ્યોગ માટે કોઈપણ રાહતની જોગવાઈ જોવા મળતી નથી. આયોજન નહી કરી ગુજરાત સાથે સાચા અર્થમાં અન્યાય જોવા મળે છે.

( ડૉ. મનિષ એમ. દોશી )
મુખ્ય પ્રવક્તા